BUSINESS મિત્ર Plus

# તેજીની આશાઓ જાગી છે, છતાં હજી દિશા સ્પષ્ટ નથી




વીતેલું સપ્તાહ ટૂંકું રહ્યુ અને તે ખૂબ પ્રોત્સાહન આપનારુ પણ ન હતું. શરૂઆત નબળી રહી જે ગયા શુક્રવારે બજારમાં પીછેહટ શરૂ થઇ ત્યારે દેખાતા મંદીભર્યા સંકેતોની સાથે સંકળાયેલી હતી. વધુ સારી શરૂઆત ટકાવી શકાઈ નહીં અને પછી અઠવાડિયાના બધા જ દિવસોમાં ઘટાડો જોવા મળ્યો. પરિણામે, આપણી પાસે એક નબળી કેન્ડલ હતી જ્યાં છેલ્લા કેટલાક મહિનાઓના મહત્વના ટેકાઓ સુધી કિંમતો નીચે ગઇ.

ગયા અઠવાડિયે અમારા માર્ગદર્શનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે "નિફ્ટીમાં જોવા મળેલ સ્થિર ફોલો-થ્રુ મજબૂત તેજીની પ્રવૃત્તિને રેખાંકિત કરે છે જે ચાર્ટ પર ચાલુ રહે છે" તે સુસંગત સાબિત થયું કારણ કે ઘટાડાવાળા સપ્તાહની અસ્થિરતાએ આપણને પુષ્કળ તકો આપી હતી. કેટલાક જોરદાર ઉથલપાથલ પછી, બજારો 'કેટલીક મજબૂત સ્થિતિ પાછી મેળવવામાં સફળ રહ્યા છે અને તેજીનો વક્કર નવેસરથી આશા દર્શાવી રહ્યો છે. નીચલા સ્તરોથી સતત પુનર્જીવન બજારોની નવી ઊંચાઇ તરફ જવાની શક્યતા દર્શાવે છે. હવે આપણી પાસે થોડી આશાની પરિસ્થિતિ છે. શુક્રવારે ભાવ એક મહત્વપૂર્ણ મૂલ્ય સપોર્ટ ક્ષેત્રની નજીક ઘટી ગયા હતા જેણે નિફ્ટીને થોડો ઉપર આવવામાં મદદ કરી હતી જેના કારણે ફરીથી કેટલીક તેજીની આશાઓ ફરી જાગી છે. હવે, જો કિંમતો ઓક્ટોબર 25300 ના વેલ્યુ એરિયા સપોર્ટને તોડે છે, તો સાપ્તાહિક ચાર્ટ પર આપણી પાસે મંદીનો દેખાવ હશે. જો તે થાય છે તો તે સારા સમાચાર નથી કારણ કે તે આગળ વધુ ઘટાડાનો સંકેત આપશે. સપોર્ટનુ કન્ફ્લુઅન્સ 25300 પર થઈ રહ્યું હોવાથી, આગામી સપ્તાહમાં તે જોવાનું એક

**ચાર્ટ એડવાઈઝ**

■ રાજા વેંકટરામન

મહત્વપૂર્ણ સ્તર રહેશે.

સતત વેચાણ પછી નિફ્ટીએ તાજેતરના ઘટાડાને શોષીને અને નીચલા સ્તરે ખરીદી રસ આકર્ષીને સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. દૈનિક ચાર્ટ પર નીચલા સમાંતર ચેનલની નજીક એક મજબૂત પ્રતિક્રિયા સૂચવે છે કે 25,300 (સ્પોટ) ની આસપાસનો મુખ્ય સપોર્ટ મજબૂત રહ્યો છે. આ ટેકનિકલ રીબાઉન્ડ, 1 થી ઉપર પુટ-કોલ રેશિયો (PCR) માં ફેરફાર સાથે જોડાયેલો સૂચવે છે કે વેચવાલીનું દબાણ ઓછું થઈ રહ્યું છે. અગાઉના અહેવાલોમાં અમે દર્શાવ્યું હતું કે નિફ્ટી મધ્ય રેખાથી નીચે ગયો હતો. અને વિસ્તૃત વેચાણ દબાણે કિંમતોને ચેનલના નીચલા છેડા તરફ ધકેલી દીધી હતી.

સાપ્તાહિક સમયમર્યાદા પર RSI 60 થી ઉપર રહે છે, જે ગયા અઠવાડિયાના પુલબેક છતાં તેજીના અંડરટોનને મજબૂત બનાવે છે. આ સંકેતો સંભવિત રિકવરીના તબક્કા તરફ નિર્દેશ કરે છે, જેમાં બજાર ડિપ-બાયિંગ તક માટે સેટ થઈ રહ્યું છે. જો નિફ્ટી સ્પોટ 25,550 થી ઉપર જવા માટે વ્યવસ્થાપિત થાય છે, તો તે નવી ઉપરની ગતિની પુષ્ટિ કરી શકે છે, તે સપોર્ટમાંથી રીબાઉન્ડનો લાભ લેવા માંગતા ટ્રેડરો માટે એક વ્યવહારુ પ્રવેશ બિંદુ બનાવે છે. આગામી સપ્તાહ બજાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે કારણ કે વલણો સ્પષ્ટપણે ડીસ્ટર્બિંગ રહ્યા છે. સમાચાર પ્રવાહ આ ક્ષણે વલણોને નિર્દેશિત કરી રહ્યો હોય તેવું લાગે છે અને આ બજારના સહભાગીઓને ખૂબ જ નર્વસ બનાવી રહ્યું છે. હાલમાં પ્રતિકૂળ સમાચાર પ્રવાહનો સહેજ પણ સંકેત કેટલીક મજબૂત પ્રતિક્રિયાઓને આમંત્રણ આપી શકે છે. નવેમ્બર શ્રેણીની અનિર્ણાયક શરૂઆત પછી, આપણે હવે એક અઠવાડિયામાં પ્રવેશ કરી રહ્યા છીએ જેમાં મેક્રોઇકોનોમિક આંકડાઓ તેમજ આગામી દિવસોમાં બની શકે તેવી સ્થાનિક અન્ય ઘટનાઓ બજાર પર અસર કરી શકે છે.

## VEDL cmp 517.50




મેટલ શેરોમાં મજબૂત ટ્રેન્ડિંગ એક્શન જોવા મળી રહી છે અને દરેક પુલબેક પર માંગ દેખાઈ રહી છે. દરેક પ્રોફિટ બુકિંગ દૃશ્ય પર, શેરને ટીએસ અને કેએસ બેન્ડ્સ પર ટેકો મળી રહ્યો છે તે છેલ્લા કેટલાક દિવસોથી જોવા મળી રહ્યું છે. જો કે, તેઓ વધુ ઉંચા જવાનો થોડો સંકલ્પ બતાવવામાં સફળ રહ્યા છે તેથી અમે આ સ્ટોકની ભલામણ કરી છે. દૈનિક ચાર્ટ ટ્રેન્ડના સરળ રન સાથે ખૂબ જ સ્થિર રન દર્શાવે છે. આ સામાન્ય રીતે ત્યારે થાય છે જ્યારે મોટી ખરીદી પ્રગતિમાં હોય છે. હવે સ્ટોકે નવો ખરીદી સંકેત આપ્યો છે. ૫૨૫ સુધીની ગતિ માટે ૫૧૦ સુધીના ઘટાડે ખરીદી શકાય. ૫૦૭ નીચે સ્ટોપ રાખો.

## SBILIFE IND CMP 2000.60




SBILIFE સતત આગળ વધી રહ્યો છે અને છેલ્લું અઠવાડિયું એક રેન્જમાં રહ્યો, જ્યાં સુધી શુક્રવારે 1980 ની આસપાસ તેના તાજેતરના ઉચ્ચ સ્તરથી ઉપર એક મજબૂત દબાણને કારણે શેર થોડી મજબૂતાઈ બતાવી રહ્યો છે. ગતિમાં સતત વધારો અને મજબૂત અંડરલાઈંગ બુલિશ ગતિને પ્રકાશિત કરતા કેટલાક સ્થિર વોલ્યુમ દ્વારા પણ ટેકો મળ્યો છે. આગામી થોડા દિવસોમાં 2040 ના સ્તરની આસપાસ વધારા માટે 2000 થી ઉપર અને 1980 ની નજીકના ઘટાડા પર ખરીદી કરી શકાય છે. ૧૯૭૦ નીચે સ્ટોપ રાખવો.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્કલેમરઃ** આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજોગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

**શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઇ-મેઇલ કરો અમને chartadvise@gujaratmitra.in પર**

# અમેરિકન ચૂંટણીઓમાં ડેમોક્રેટનું કમબેક અને શટડાઉન લંબાતા બજારોમાં ગભરાટ

શેરબજારોની તેજીમાં રંગમાં ભંગ પડયો છે. બીગ ટેક શેરોના વેલ્યુએશન, આર્ટિફિસિયલ ઈન્ટેલીજન્સ હાઈપ, અમેરિકામાં લાંબા સમયથી ચાલી રહેલું લોકડાઉન જેવા અનેક કારણો વચ્ચે પણ બીગટેક શેરો એનવીડીયાના પાંચ ટ્રિલિયન વેલ્યુએશન, મસ્કના એક ટ્રિલિયન પે પેકેજની મંજૂરી જેવા આશા પર ટકી રહ્યા હતા પણ ન્યુયોર્ક મેયર પદની ચૂંટણીમાં જોહરાન મામદાનીનો જવલંત વિજય, વર્જિનીયા ગવર્નર પદ તેમજ ન્યુ જર્સીમાં પણ ડેમોક્રેટ ઉમેદવારોના વિજયથી ટ્રમ્પના કિલ્લામાં તિરાડો પડી છે. મેક્રોઈકોનોમીક મોરચે અમેરિકાનો કન્ઝયુમર કોન્ફિડન્સ ડેટા તળીયે પહોચ્યો છે. લેબર માર્કેટમાં અત્યાર સુધી હાયરીંગ સ્લો હતા પણ હવે લેઓફ- છટણીઓ શરુ થઈ છે. સેમીકંડકટર શેરોનો કડાકો ગર્ભિત ગભરાટ બતાવે છે. બીટકોઈન ૧૨૬૦૦૦થી તૂટીને ૯૯૦૦૦ ડોલર

**બિરેન વકીલ**

થઇ ગયો છે. એશિયા અને યુરોપની સેમીકંડકટર કંપનીઓમાં કરેકશન હજૂ લંબાય તેમ લાગે છે.

અમેરિકામાં હોલીડે સિઝન ટાંકણે જ ૧૦ ટકા ફલાઈટો કેન્સલ થઈ ચૂકી છે, જો ૨૦ ટકા સુધી ફલાઈટ કેન્સલ થાય અને શટડાઉનનો નિવેડો જલ્દી નહી આવે તો અમેરિકી અર્થતંત્ર, શાસકપક્ષ, શેરબજારો માટે પણ કપરા કાળની શકયતા છે.




શેરબજારમાં સિલેકટીવ વેચવાલી છે, અંડરટોન સાવચેતીનો છે. રૂપિયામાં રિઝર્વ બેન્ક ૮.૭૦-૮૦ના મથાળે સતત ડોલર વેચીને રૂપિયાને ૮૯ નીચે રાખી શકી છે. ચીન સાથે અમેરિકાની કામચલાઉ સંધી થઈ ગઈ છે પણ ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડિલમાં હજૂ પેચ ફસાયેલો છે. સેંકશનને અનુલભી ભારતે રશિયામાંથી ક્રુડ ખરીદી ઓછી કર્યાના સંકેતો છે. ભારતે અમેરીકામાંથી ઈથેન અને એલપીજી ખરીદીમાં પણ વધારો કર્યાના સંકેતો છે. સૌથી પેચીદો મુદ્દો એગ્રીકલચર અને ડેરી મામલે અમેરિકાનો જીએમ સોયા- મકાઈ ખરીદવા તેમજ ટેરિફ ઘટાડવાનો અને નોન ટેરિફ બેરીયર દૂર કરવાનો હઠાગ્રહ છે. ભારત આ મામલે સમજૂતી કરવાની સ્થિતીમાં નથી. સોયાબીન, મગફળી, કપાસ

રાજયોમાં પણ ખેતીને થયેલા નુકસાન માટે પેકેજ, દેવા માફી જેવી સહાય માટે સતત માગણી થઈ રહી છે. ઘાસચારો, કેટલફીડ, શાકભાજીના, તેલીબીયાંના ભાવોમાં વધારો ફુગાવાકારી દબાણ લાવી શકે એમ છ. ચીનમાં પણ અચાનક ફુગાવો વધ્યો છે. અમેરિકામાં પણ ફુગાવો ફરી વધવાની શકયતા છે. ફેડનું ફુગાવાનું લક્ષાંક ૨ ટકા છે. હાલમાં ફુગાવો ૩.૨ ટકા છે અને આગામી વરસે ફુગાવો ૩.૫-૪ ટકા સુધી જઈ શકે એમ આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર ડો. રઘુરામ રાજન કહે છે.

કોમોડિટીઝની વાત કરીએ તો સોનાચાંદીમાં હવે કરેકશન છે. એમસીએકસ સોનું ૧૩૨૦૦૦થી ઘટીને ૧૧૮૦૦૦ થઈ હાલ ૧૨૧૦૦૦ આસપાસ સ્થિર થવા મથે છે. લંડન સ્પોટ ગોલ્ડ ૪૩૯૦ ડોલરથી ઘટીને ૩૮૮૮ થઈ હાલ ૪૦૦૦ ડોલર છે.

ચાંદી ૫૩.૯૦ ડોલરથી ઘટીને ૪૫.૭૦ થઈ હાલ ૪૮.૨૩ ડોલર છે. સ્થાનીક હાજર ચાંદી દિવાળી પહેલા શોર્ટ કવરીંગ પેનિકમાં ૧૭૫૦૦૦ અને એમસીએકસ વાયદામાં ૧૭૦૦૦૦ થઈ ગઈ હતી તેમાં ડિપર કરેકશન છે, હાલ ભાવ ૧૪૮૦૦૦ આસપાસ કવોટ થાય છે. હાજર ડિમાન્ડ ઘણી કમજોર છે. અમેરિકાએ ચાંદીને ક્રિટિકલ મેટલ્સમાં સમાવી છે એટલે આગળ પર ચાંદીમાં ટેરિફ અછવા આયાત- નિકાસ પર નિયંત્રણો આવી શકે છે. ચાંદી સીવાય લીડ, કોલસો, પ્લેટિનમ અન પેલેડિયમને પણ ક્રિટિકલ લિસ્ટમાં સમાવાયા છે. બેઝ મેટલ્સમાં હાલ કોપરમાં નફારુપી વેચવાલીએ થોડો ઘસારો છે. ઝિંકની બજાર મકકમ છે. સપ્લાય શોર્ટેજ છે. ટીનમાં પણ બજારનો અંડરટોન મકકમ છે. સુદાનમાં સિવિલ વોર વકરતા ટીન, કોબાલ્ટ, ટંગસ્ટન જેવી રેરઅર્થ મેટલ્સમાં સપ્લાય ડિસરપ્શન મામલે ચિંતાઓ છે. ઔદ્યોકિક કોમોડિટીઝમાં ચીને માલબોજો, ઓવરકેપેસીટી અને કંપનીઓ વચ્ચે તીવ્ર હરિફાઈને અનુલક્ષી પ્રાઈસવોર રોકવા એન્ટિ ઈન્વોલ્યુશન મેન્ડેટસ આપતા આ?ર્નઓર, સ્ટિલ, કોપર જેવી ઔદ્યોગિક

કોમોડિટીઝમાં અફરાતફરી આવી છે. આયર્નઓર, સ્ટિલ, ગોલ્ડ જેવી સંવેદનળીલ કોમોડિટીમાં સરકાર સટ્ટાખોરી ડામવા સતર્ક બનતી દેખાય છે. સાઉથ એશિયાઈ શેરબજારો ઓવરહીટેડ છે એટલે કરેકશન લંબાઈ શકે.

રશિયા-યુક્રેન વોર તેમજ આફ્રિકામાં નાઈજીરીયા પર હુમલો કરવા ટ્રમ્પની ચેતવણી, વેનેઝુએલામાં ડ્રગ કાર્ટેલો પર તવાઈના બહાને અમેરિકાના નૌકાદળોની જમાવટ, આફ્રિકામાં રવાન્ડા, કોંગોની અંશાતી વોચ કરવા જેવા વાઈલ્ડકાર્ડ છે.

## બિહાર ચૂંટણી પરિણામો પર બજારની મીટ- રૂપિયાની મંદી રોકવા રિઝર્વ બેન્ક ડોલરમાં વેચવાલ

નાસદાક અન નિકકાઈ, બીટકોઈન, સોનું લગભગ બધી રિસ્ક એસેટમાં નોંધપાત્ર વેચવાલી ડિપર કરેકશન આવ્યું છે. લેબર માર્કેટની કમજોરી, એસેટ માર્કેટમાં બબલ, ટેરિફવોર- લશ્કરી સંઘર્ષો જેવા અને તાજેતરની ચૂંટણીઓ પછી અમેરિકામાં માગા ફેકટર- ટ્રમ્પનું ટ્રમ્પ કાર્ડ અસરકારકતા ગુમાવે એવી અટકળે સેન્ટિમેન્ટ અચાનક નબળું પડયુ છે.

સ્થાનિક બજારોની વાત કરીએ તો બિહારમાં પ્રથમ ચરણનું મતદાન રવિવારે પુરુ થયું, બીજા ચરણનું મતદાન મંગળવારે છે, રાજકીય અને આર્થિક પંડિતોની નજર ૧૪ નવેમ્બરે જાહેર થનારા પરિણામો પર રહશે.

સહીત મોટા ભાગની આવશ્યક વસ્તુઓ ટેકાના ભાવથી ખૂબ નીચી વેચાઈ રહી છે.

મગફળી, તુવેર, મગ, અડદ, કપાસ, ઘાસચારા, સોયાબીન જેવા પાકોને તાજેતરના કમોસમી વરસાદતી પારાવાર નુકસાન થયું છે. ગુજરાતમાં વરસાદથી ખેતીને થયેલા નુકસાન માટે અંદાજે ૧૦૦૦૦ કરોડ રુપિયું પેકેજ જાહેર કરાયુ છે. ટુંક સમયમાં એમએસપી ભાવોથી ખરીદી શરુ કરાસે એમ સુત્રો કહે છે. મધ્યપ્રદેશ સરકારે સોયાબીન માટે રુ ૪૦૦૦ મોડેલ પ્રાઈસ અને રુ ૧૩૦૦ ભાવાંતર બોનસ જાહેર કર્યું છે, રાજસ્થાન, મહારાષ્ટ્ર વગેરે


## શેર બજારમાં નિપુણતા મેળવવા માટેનું 'ઓલ-ઇન-વન' સોલ્યુશન

નિયોટ્રેડર એ આગામી પેઢીનું એઆઈ-સંચાલિત ટ્રેડિંગ પ્લેટફોર્મ છે જે શિખાઉ અને અનુભવી ટ્રેડર્સ બંને માટે ડિઝાઈન થયેલું છે.

NeoTrader® Ab Smart Trading Hoga Easy

**નિયો ટ્રેડરની વિશેષતાઓ**

■ બજાર વિશે એકદમ તાજી, ગુપ્ત માહિતી અને ટ્રેડ માટેના સિમલેસ-અસ્ખલિત એક્ઝિક્યુશન ટૂલ્સ પૂરાં પાડે છે. ■ રિયલ-ટાઇમ સિગ્નલો ■ કામ લાગે એવી ટ્રેડ ભલામણો ■ કસ્ટમાઇઝ કરી શકાય તેવા ડેશબોર્ડ્સ અને સંકલિત ચાર્ટિંગ જેવી સુવિધાઓ ■ ઝડપી અને જાણકાર ટ્રેડિંગ નિર્ણયો લેવા માટે સશક્ત બનો ■ અનુમાન ઓછું અને દરેક ટ્રેડમાં આત્મવિશ્વાસ વધારે ■ યુઝરફ્રેન્ડલી ઈન્ટરફેસ ■ ડો. સી.કે. નારાયણ જેવા ઉદ્યોગ નિષ્ણાતોનાં સતત માર્ગદર્શન માટે જાણીતા નિયોટ્રેડરમાં ડાયરેક્ટ બ્રોકર કનેક્ટિવિટી ■ સ્માર્ટ રિસ્ક મેનેજમેન્ટ ટૂલ્સ ■ પદ્ધતિસરનાં શૈક્ષણિક સંસાધનોનો પણ સમાવેશ.

ગુજરાતમિત્રના વાચકો માટે 7 દિવસની ફ્રી ટ્રાયલ ઓફર

જો તમે સક્રિય ટ્રેડર્સ માટે ખાસ તૈયાર કરવામાં આવેલી રિયલ ટાઈમ કાર્યક્ષમ માર્કેટ સ્ટ્રેટેજી પૂરી પાડતી પ્રોફેશનલ-ગ્રેડની બજારની આંતરદૃષ્ટિથી લાભ મેળવવા માગતા હો તો રાહ શેની જુઓ છો?... નીચેની ઓનલાઈન લિંક પર જાઓ અથવા QR કોડ સ્કેન કરો અને વિશેષ પ્રવેશ મેળવવા માટે તમારી વિગતો ભરો:

https://bit.ly/3V20qYI

નિઃશુલ્ક ટ્રાયલ માટે અત્યારે જ નોંધણી કરો અને નિયોટ્રેડર દ્વારા આપવામાં આવતાં શક્તિશાળી ટૂલ્સ, વ્યક્તિગત એલર્ટ્સ અને બજાર માર્ગદર્શનનો પ્રત્યક્ષ અનુભવ કરો.

Let's begin and win in every market condition!


# ભારતની PLI સ્કીમથી ચીન ગભરાયું, WTO પાસે દોડી ગયું

ચીને કેટલાક ક્ષેત્રો માટે ભારતની પીએલઆઇ યોજના વિરૂદ્ધ ડબ્લ્યુટીઓને ફરિયાદ કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે અદ્યતન કેમિસ્ટ્રી સેલ, બેટરી, ઓટોમોબાઈલ્સ અને ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પીએલઆઇ યોજનામાં કેટલીક શરતો વૈશ્વિક વેપાર નિયમોનું ઉલ્લંઘન કરે છે.

જીનીવા હેડક્વાર્ટર ધરાવતી ડબ્લ્યુટીઓના એક સંદેશાવ્યવહાર અનુસાર, ચીને ડબ્લ્યુટીઓના વિવાદ સમાધાન મિકેનિઝમ હેઠળ આ પગલાં પર ભારત સાથે વાતચીત કરવાની માંગ કરી છે. બેઈજિંગે કહ્યું છે કે ભારત દ્વારા અપનાવવામાં આવેલા પગલાં આયાતી માલને બદલે સ્થાનિક માલના ઉપયોગ પર નિર્ભર છે, અને આ રીતે ચીની માલ સાથે ભેદભાવ કરે છે.

ડબ્લ્યુટીઓ દ્વારા 20 ઓક્ટોબરે જારી કરવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું હતું કે, આ પગલાં પરામર્શ માટે પરસ્પર સંમત તારીખ પર સંમત થવાની રાહ જોઈ રહ્યું છે.

ચીનની ફરિયાદ ભારતના કેટલાક પગલાઓ સાથે સંબંધિત છે જે ઓટોમોટિવ અને રિન્યુએબલ એનર્જી ટેકનોલોજી ક્ષેત્રોમાં વેપારને અસર કરે છે. ફરિયાદમાં જણાવાયું છે કે યોજનામાં કેટલીક શરતો છે જે પ્રોત્સાહનો અને તેમના વિતરણ માટેની પાત્રતા નક્કી કરે છે.

ચીને પોતાની ફરિયાદમાં ત્રણ પ્રોગ્રામનો ઉલ્લેખ કર્યો છે, જેમાં પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ, નેશનલ પ્રોગ્રામ ઓન એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ બેટરી સ્ટોરેજ, પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ ફોર ઓટોમોબાઈલ એન્ડ ઓટો કમ્પોનન્ટ ઈન્ડસ્ટ્રી અને સ્કીમ ટુ પ્રોમોટ ઓફ ઈલેક્ટ્રિક કારનો સમાવેશ થાય છે.

ભારત અને ચીન બંને ડબ્લ્યુટીઓના સભ્ય છે. જો કોઈ સભ્ય દેશને લાગે છે કે અન્ય સભ્ય દેશની નીતિ અથવા યોજના હેઠળના પગલાથી તેની કેટલીક નિકાસને નુકસાન થઈ

## ઈવી અને બેટરી માટે ભારતની પીએલઆઈ યોજના વિરૂદ્ધ ચીને ડબલ્યુટીઓમાં ફરિયાદ કરી, પ્રોત્સાહન આપવા માટેની પીએલઆઈ યોજનામાં કેટલીક શરતોમાં વૈશ્વિક વેપાર નિયમોનું ઉલ્લંઘન

ચીનને આ કરાર હેઠળ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મળતા લાભોને દૂર કરવા અથવા ઘટાડવા માટે લાગે છે. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ચીન ભારતનો પ્રતિસાદ મેળવવા અને રહ્યું છે, તો તે ડબ્લ્યુટીઓના વિવાદ સમાધાન મિકેનિઝમ હેઠળ ફરિયાદ નોંધાવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ચીનમાં ભારતની નિકાસ 2023-24માં 16.66




અબજ ડોલરથી ગત નાણાકીય વર્ષમાં 14.5 ટકા ઘટીને 14.25 અબજ ડોલર થઈ છે. જો કે, આયાત 2023-24માં

**કરન્ટ-ટોપિક**

101.73 અબજ ડોલરથી 2024-25માં 11.52 ટકા વધીને 113.45 અબજ ડોલર થઈ છે. ચીન સાથેની ભારતની વેપાર ખાધ 2024-25 દરમિયાન વધીને 99.2 અબજ ડોલર થઈ છે.

ભારતની ઈવી સબસિડી અંગે ચીનની ફરિયાદ એવા સમયે આવી છે જ્યારે બેઈજિંગ ભારતમાં તેની ઈલેક્ટ્રિક વાહનોની નિકાસ વધારવા માંગે છે. ભારતના ઓટોમોબાઈલ માર્કેટના કદ અને સંભવિતતાને જોતાં, ચીનના ઈવી ઉત્પાદકો તેના પર નજર રાખી રહ્યા છે.

તાજેતરના અહેવાલો અનુસાર, અતિશય ઈવી ઉત્પાદન ક્ષમતા અને ભાવ યુદ્ધ વચ્ચે ચીનમાં સ્થાનિક વેચાણ સાથે નફામાં ઘટાડો થયો છે. હવે, બીવાયડી જેવા ચાઈનીઝ હાઈબ્રિડ કાર ઉત્પાદકો વિદેશી બજારોની શોધમાં છે.

ચાઇના પેસેન્જર કાર એસોસિએશન અનુસાર, ચીનમાં લગભગ 50 ઈવી ઉત્પાદકોએ વર્ષના પ્રથમ આઠ મહિનામાં કુલ 20.1 મિલિયન ઈલેક્ટ્રિક અને પ્લગ-ઈન હાઈબ્રિડ વાહનોની નિકાસ કરી હતી, જે એક વર્ષ અગાઉના સમાન સમયની તુલનામાં 51 ટકા વધારે છે. તાજેતરમાં, ચાઈનીઝ ઈવી કંપનીઓ વિદેશમાં વિરોધનો સામનો કરી રહી છે. યુરોપિયન યુનિયને તેમના વેચાણને મર્યાદિત કરવા માટે ચાઈનીઝ ઈવી પર 27 ટકા ટેરિફ લાદ્યો છે.

ભારત સરકારે ઈવીના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ઈલેક્ટ્રિક-વ્હીકલ પોલિસી અને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ જેવા ઘણા પગલાં લીધાં છે. સરકારે મે 2021માં નેશનલ પ્રોગ્રામ ઓન એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ બેટરી સ્ટોરેજ હેઠળ પીએલઆઈ એસીસી યોજનાને મંજૂરી આપી છે. આમાં પાંચ વર્ષ માટે 50 ગીગાવાટોની ક્ષમતા માટે રૂ. 18100 કરોડના ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજનાનો ઉદ્દેશ્ય સ્થાનિક સેલનું ઉત્પાદન વધારવાનો, આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો અને સેલ ઉત્પાદનના એકંદર ખર્ચમાં ઘટાડો કરવાનો છે.

સપ્ટેમ્બર 2021માં, કેન્દ્રએ 25938 કરોડ રૂપિયાના બજેટ સાથે ઓટોમોબાઈલ્સ અને ઓટો કમ્પોનન્ટ્સ માટે પીએલઆઈ યોજનાને મંજૂરી આપી હતી. આ યોજનાનો હેતુ ઉદ્યોગની ઉત્પાદનની મુશ્કેલીઓને દૂર કરવાનો અને ભારતમાં અદ્યતન ઓટોમોટિવ ટેક્નોલોજી ઉત્પાદનોના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે.